## ડાયરેક્ટ સે

સમયની વિશેષતા -
ગણે રાખો તો ખૂટે
વાપરો તો વધી પડે
સંઘરો તો વહી જાય
અને
સાચવો તો એ
તમને તારી જાય

## જન્મદિને વધામણી



**અંજલિ મુકેશ પરમાર**
મો. ૯૧૫૭૭ ૯૨૬૯૬



**પિન્કીબેન પ્રજાપતિ**
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# હ્યુમન વેલફેર ફાઉન્ડેશન દ્વારા અકિંચન બાળકોને કપડાં અને સ્નેક્સનું વિતરણ




''હ્યુમન વેલફેર ફાઉન્ડેશન'', ગાંધીનગર દ્વારા ધોળાકૂવા ફૂટપાથ પર ડ્રોપ આઉટ બાળકો તથા અતિ પછાત બાળકોને દેવદિવાળી નિમિત્તે બિસ્કીટ, કપડાં અને સ્નેક્સનું વિતરણ કરવામાં આવ્યું. વિતરણ સમયે પ્રેસિડેન્ટ પ્રકાશ સક્સેના, કો-ઓર્ડિનેટર સોનલ ડાભી તથા સર્વ શિક્ષા અભિયાનના સીટીસી વર્ક બાળ મિત્ર અને સમાજ સેવિકા ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં પરીક્ષા ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવામાં આવનારી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો બોર્ડ દ્વારા પ્રારંભ કરાયો છે. સ્કૂલો વિદ્યાર્થીઓના ફોર્મ ૯ ડિસેમ્બર સુધી ભરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે ત્યારે બોર્ડ દ્વારા ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી છે. સ્કૂલોએ ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.

### સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગરના સહયોગથી

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે રક્તદાન શિબિર યોજાયો



સેકટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં શનિવારે શાળાનાં સોશિયલ સર્વિસ ક્લબ તથા સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરનાં સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આશરે ૧૪ સ્ટાફમિત્રોએ તથા આશરે ૪૫ લોકોએ રક્તદાન કર્યુ. 'રક્તદાન મહાદાન' આ જીવનમંત્રને ઉજાગર કરી લોકોએ રક્તદાન કર્યુ. આ પ્રયોગ ખરેખર અવર્ણનીય રહ્યો. સમાજસેવાના ગુણોનું વિદ્યાર્થીઓમાં સિંચન થાય તે હેતુથી શાળામાં સોશિયલ સર્વિસ ક્લબ ચાલે છે. તે ઉમદા ગુણનો વિદ્યાર્થીઓમાં ઉમેરો થયો. રક્તદાન શિબિરનું આયોજન શાળાનાં આચાર્યા સિસ્ટર રેણુકા, સોશિયલ સર્વિસ ક્લબનાં ઈન-ચાર્જ શિક્ષિકા મંજુ બલરાજ, જાગૃતિ ગુર્જર તથા શાળાનાં સોશિયલ સર્વિસ ક્લબનાં વિદ્યાર્થીનેતા ધાત્રી ત્રિવેદી, સહાયક ઋતુલ વ્યાસ, યશ ચૌધરી અને મદદગાર વિદ્યાર્થી ઈન્સીયા મુંબઈવાલાનાં અથાગ પ્રયત્નોથી રક્તદાન શિબિર સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## જગદ્ગુરુના વિચારો પહોંચાડવા માટે ડાયરો શ્રેષ્ઠ : દંડી સ્વામી

ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રને અખંડિત કરવામાં મહત્ત્વનું યોગદાન આપનારા જગદ્ગુરુ આદિ શંકરાચાર્યજીના જીવનનાં વિચારોને 'ડાયરા' રૂપે રજૂ કરી નવી પેઢી અને જનસામાન્ય સુધી પહોંચાડવા માટે શ્રેષ્ઠ છે. રાષ્ટ્રની એકતા માટે અને સંસ્કારોનાં સિંચન માટે જે વિચાર આપ્યા તે સ્મરણ કરવાનો દિવસ છે, એમ દ્વારકા-શારદાપીઠ અને જ્યોતિષ-પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજીના શિષ્ય, દંડી સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજે શનિવારે અધ્યાત્મ વિદ્યા મંદિર દ્વારા આયોજિત ભગવાન આદિ શંકરાચાર્યજીના જીવનવૃત્ત ઉપર આધારીત એક ભવ્ય ડાયરા દરમિયાન જણાવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે અધ્યાત્મ વિદ્યામંદિર, અમદાવાદના પૂજ્ય સ્વામી વિદિતાત્માનંદજી સહિત મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ભાવકો, નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# હૃદયરોગથી ૨૫થી ૬૦ વર્ષનાં લોકોનાં મોતનું પ્રમાણ વધ્યું

## અયોગ્ય જીવનધોરણ, ભૂલભરેલી ખાણીપીણીની પદ્ધતિના લીધે લાખો લોકો હૃદયરોગમાં સપડાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૨

હૃદય રોગ, મેદસ્વિતા અને ડાયાબિટીસના સકંજામાં યુવાનો અને પ્રોડક્ટિવ વ્યક્તિઓ વધુ પ્રમાણમાં આવી રહ્યા હોવાનું એસોચેમના સર્વેમાં સામે આવ્યું છે. કાર્ડિયોવાસક્યુલર ડિસીઝના દર્દીઓ છેલ્લા ૧૦ વર્ષોમાં ૯.૫%ના દરે વધ્યા છે અને તેના લીધે ૨૫થી ૬૦ વર્ષની પ્રોડક્ટિવ વ્યક્તિઓ સૌથી વધુ ગુમાવવી પડી રહી છે. એટલું જ નહીં પાંચ કરોડ ડાયાબિટીસના દર્દીઓ સાથે ભારત ડાયાબિટીસનું પાટનગર બની ગયું છે. એવી જ રીતે હાલમાં ૨ કરોડ નાગરિકો મેદસ્વિતાથી પીડાઈ રહ્યાં છે, જે વર્ષ ૨૦૨૫ સુધીમાં સાત કરોડ થઈ જશે તેવું ચોંકાવનારું તારણ પણ એસોચેમ-ડેલોઈટીના સંયુક્ત અભ્યાસમાં સામે આવ્યું છે!

થોડા દિવસ અગાઉ જ વિશ્વ હૃદય દિવસ ગયો છે, ત્યારે એસોચેમ દ્વારા 'કાર્ડિયોવાસક્યુલર ડિસિઝ ઈન ઈન્ડિયા' શીર્ષકથી એક અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં જણાવ્યું છે કે, 'વર્ષ ૨૦૦૮માં કુલ મૃત્યુ પૈકી ચોથા ભાગની મૃત્યુ કાર્ડિયોવાસક્યુલર ડિસીઝના લીધે થતી હતી. ખાસ કરીને ૨૫થી ૬૦ વર્ષની ફળદ્રુપ વય ધરાવતી વ્યક્તિઓમાં તેનું પ્રમાણ અંદાજીત ૨૫% વધી રહ્યું છે. જે દર્શાવે છે કે જે વ્યક્તિઓ સમાજમાં વધુ યોગદાન આપી શકે તેમને ગુમાવવાનો વારો આવી રહ્યો છે.'

અભ્યાસમાં એવો મત પણ પ્રસ્તુત કરવામાં આવ્યો છે કે, 'કાર્ડિયોવાસક્યુલર ડિસિઝને નાથવા અને તેને મેનેજ કરવા માટેના કોઈ પણ પ્રકારના રાષ્ટ્રીય પ્રોગ્રામના અભાવે આ રોગના દર્દીઓ ૨૦૩૦ સુધીમાં લગભગ ૧.૮ કરોડ જેટલા થઈ જશે. આ આંકડો અમેરિકાના દર્દીઓ કરતા નવ ગણો વધુ હોવાનો અંદાજ છે.' એસોચેમના સેક્રેટરી જનરલ ડી. એસ. રાવતે જણાવ્યું છે કે, 'અયોગ્ય જીવનધોરણ, કસરત-વ્યાયામનો અભાવ, ભૂલભરેલી ખાણીપીણીની પદ્ધતિના લીધે શહેરી વિસ્તારના લાખો ભારતીયો હૃદયરોગમાં સપડાઈ રહ્યા છે. બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરનું અપ્રમાણસરનું સ્તર આ રોગોને નોતરું આપી રહ્યું છે.'

# સીપીએડની ડિગ્રી ધરાવતા શિક્ષકોને લાયક ગણવામાં આવશે : એનસીટીઈ


ગાંધીનગર, તા. ૧૨

માર્ચ-૨૦૧૯ પછી લાયકાત વગરના શિક્ષકોને ઘર ભેગા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે જે શિક્ષકો લાયકાત ધરાવતા નથી તેમના માટે D.El.Ed.નો કોર્સ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયો છે. બે વર્ષનો આ કોર્સ કરનારા શિક્ષકો લાયકાત ધરાવતા થઈ જશે. આ બાબતે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્ર પાસે માર્ગદર્શન માગવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં C.P.Ed કરેલા શિક્ષકોને લાયક ગણવા કે કેમ તે અંગે પૃચ્છા કરવામાં આવી હતી. NCTEએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, જેમની પાસે C.P.Ed ક્વોલિફિકેશન છે તેમણે કોર્સ કરવાની જરૂર રહેતી નથી.

દેશની સ્કૂલોમાં લાયકાત વગરના શિક્ષકો અભ્યાસ કરાવતા હોઈ તેમની સામે કેન્દ્ર સરકાર દ્વારા લગામ કસવામાં આવી છે. લાયકાત વગરના શિક્ષકો માટે લાયકાત મેળવવા માર્ચ-૨૦૧૯ સુધીની મુદત આપી છે. ત્યાં સુધીમાં શિક્ષકોએ લાયકાત મેળવી લેવાની રહેશે. જો આ સમયમર્યાદા સુધીમાં શિક્ષકો લાયકાત નહી મેળવે તો તેમને ઘર ભેગા કરવામાં આવશે તેવું નક્કી કરાયું હતું. આ માટે હાલમાં જ રજિસ્ટ્રેશનની કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવી છે. જેથી જે શિક્ષકોએ રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તેઓ માર્ચ-૨૦૧૯ પછી ઘર ભેગા થશે. દરમિયાન શિક્ષકની લાયકાત માટેના કોર્સને લઈ શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્ર પાસે અમુક સ્પષ્ટતા માંગી હતી. જેમાં હાલમાં C.P.Ed થયેલા શિક્ષકો સ્કૂલોમાં અભ્યાસ કરાવે છે અને આ કોર્સ બે વર્ષનો હોવાથી આવા શિક્ષકોએ પણ લાયકાત મેળવવા માટે D.El.Ed.નો કોર્સ કરવાનો રહેશે કે કેમ તે અંગે પૃચ્છા કરી હતી. જેની સામે સ્પષ્ટતા કરતા જણાવાયું હતું કે, આ બંને કોર્સ એક જ પ્રકારના હોવાથી C.P.Ed થયેલા શિક્ષકોએ કેન્દ્રના કોર્સ કરવાની જરૂર રહેતી નથી. જ્યારે B.P.Ed., D.P.Ed., B.P.E., M.P.E. કોર્સ કરેલા શિક્ષકો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ શિક્ષકોએ સ્પેશિયલ બ્રિઝ કોર્સ કરવાનો રહેશે. આમ, C.P.Ed થયેલા શિક્ષકો લાયકાત ધરાવતા શિક્ષકો જ ગણાશે અને તેમને અન્ય કોર્સ કરવાની જરૂર રહેશે નહી, પરંતુ તે સિવાયના અન્ય કોર્સ કરેલા શિક્ષકોએ સ્પેશિયલ બ્રિઝ કોર્સ કરવાનો રહેશે અને ત્યારબાદ તેઓ લાયક શિક્ષક ગણાશે.

### હેરીટેજ વિક નિમિત્તે ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા

# અમદાવાદ-ગાંધીનગરમાં વૉટર ફેસ્ટીવલ





ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા વૉટર ફેસ્ટીવલ નવેમ્બર માસ દરમિયાન અડાલજ ઉપરાંત ધોળકાની ખાન મસ્જિદ ખાતે યોજાઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે ક્રાફ્ટ ઑફ આર્ટ એ માત્ર સાત વર્ષના સમયગાળામાં તમામ કલાપ્રેમીઓના દિમાગમાં એક ઊંડી છાપ છોડી ચૂક્યું છે. તેની ખાસ રજૂઆત 'સૂફી વૉટર ફેસ્ટીવલ'ની મહેક માત્ર તેમાં પીરસવામાં આવતા ભિન્ન-ભિન્ન અને ગુણવત્તાસભર સંગીત માત્રને લીધે નથી, પરંતુ સાથે સાથે આ હેરીટેજ ફેસ્ટીવલ એક કડી-એક સેતુની ગરજ સારે છે. તે આપણા ભવ્ય વારસાને અમદાવાદીઓ સાથે જોડે છે અને યુવા હૈયાઓને જૂના વિચારો સાથે જોડે છે તો વળી સમાજના ભદ્ર વર્ગને આમ જનતા સાથે પરિચિત કરાવે છે અને આ તમામને વાકેફ કરાવે છે સ્મારકોમાં છુપાયેલા ભવ્ય વારસાથી. અમારો ઉદ્દેશ્ય માત્ર આ સ્મારકોને રોશનીથી ઝળહળતા કરવાનો કે માત્ર ભાવપૂર્ણ સંગીત પીરસવા પૂરતો સીમિત નથી. બલ્કે ઈતિહાસ, વારસા, સંસ્કૃતિ, કલા-સાહિત્ય, ભવ્ય ઈમારતોને શોધવાની-સમજવાની એક પ્રક્રિયા છે. ક્રાફ્ટ ઑફ આર્ટનું આ એક રચનાત્મક અને અભિનવ પગલું પોતાના ભવ્ય ભૂતકાળ તરફ અલગાવ રાખતા અને સ્મારકોને વિસરતાં જતાં પોતાના વારસાથી દૂર થયેલા લોકોની ચિંતાને દૂર કરવાની દિશામાં કાર્યરત છે.

વર્ષ ૨૦૧૦માં જ્યારે સૌપ્રથમ વાર યુનેસ્કોએ 'વર્લ્ડ હેરીટેજ વીક' જાહેર કર્યુ ત્યારે અમદાવાદનું શાનદાર અને ઉપેક્ષિત એવું ઐતિહાસિક સ્મારક - સરખેજ રોઝા અમદાવાદીઓ સમક્ષ બે દિવસીય સંગીત ફેસ્ટીવલ અંતર્ગત રજૂ કરાયું હતું. દેશભરમાંથી આવેલા ૨૧ જેટલા કલાકારોએ આ ઐતિહાસિક સ્મારકના આંગણામાં જાણે કે નવચેતન પ્રગટાવી દીધું હતું.

વર્ષ ૨૦૧૧માં ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા બે સ્મારકો પર સંગીત કાર્યક્રમ યોજાયો હતો - સરખેજ રોઝા અને અડાલજની વાવ. અડાલજની વાવ પર યોજાયેલો ફેસ્ટિવલ 'વૉટર ફેસ્ટીવલ' નામે ઓળખાયો હતો.

આ બંને સ્મારકોને સંગીતે જાણે કે નવી જ ઓળખ આપી હતી. હજારો યુવા સંગીતપ્રેમી હૈયાઓએ નવા જ અંદાજમાં આ બંને સ્મારકોને નિહાળ્યાં અને માણ્યાં હતાં.

વર્ષ ૨૦૧૨માં ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા સૂફી ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું, જે સરખેજ રોઝામાં જ થયું હતું, પરંતુ અન્યત્ર જગ્યાએ. ખંડેર હાલતમાં રહેલા રાણીના મહેલના પાછળના ભાગમાં ૯ હજાર જેટલા સંગીતપ્રેમીઓએ મગ્ન થઈને સંગીતનો જલસો અને જગ્યા બંનેને માણ્યાં હતાં. આ જગ્યાને સર્જનાત્મક રીતે લાઈટથી સજ્જ કરવામાં આવી હતી, જેનાથી આ મહોત્સવ યાદગાર બન્યો હતો.

એ પછી ૨૦૧૩માં સરખેજ રોઝા અને અડાલજ ખાતે પુનઃ હેરીટેજ વિક અંતર્ગત કલાકારોના કાફલાએ સંગીતનો ભવ્ય કાર્યક્રમ પીરસ્યો, જેણે ક્રાફ્ટ ઑફ આર્ટનું સ્થાન એક નવી જ ઊંચાઈ પર પહોંચાડી દીધું. એ જ કારણે વર્ષ ૨૦૧૪માં સરખેજ રોઝા, અડાલજની વાવ ઉપરાંત ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા અને ભદ્ર પ્લાઝાની રોનક વધારવા માટે 'ભદ્ર ફેસ્ટીવલ'નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

૨૦૧૫માં ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા આ સાંસ્કૃતિક વારસાને આગળ વધારતાં વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સ્થાન પામેલી રાણીની વાવ, પાટણ ખાતે પણ વૉટર ફેસ્ટીવલ અને સંગીતમય તહેવારનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૬માં પણ ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા અડાલજની વાવ ખાતે વૉટર ફેસ્ટીવલનું આયોજન કરાયું હતું.

આ વર્ષે ક્રાફ્ટ ઑફ આર્ટ વૉટર ફેસ્ટીવલ અંતર્ગત ખાન મસ્જિદ, ધોળકા અને અડાલજની વાવ ખાતે સંગીત કાર્યક્રમની રજૂઆત કરવા જઈ રહ્યું છે.

વૉટર ફેસ્ટીવલ ઉપરાંત ક્રાફ્ટ ઑફ આર્ટ દ્વારા એક અનોખા ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં ગત સાત વર્ષની સફરને જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રદર્શન 'ગુમ્બજ - મ્યુસિંગ્સ - મ્યુઝિક એન્ડ મોન્યુમેન્ટ્સ' અંતર્ગત અમદાવાદની ગુફા ખાતે તા. ૨૨થી ૨૫ નવેમ્બર દરમિયાન નિહાળી શકાશે.

ક્રાફ્ટ ઑફ આર્ટ એ બિરવા કુરેશીની દૂરંદેશી દૃષ્ટિ અને પહેલનું પરિણામ છે.

૧૯ નવેમ્બરના રોજ સૂફી ફેસ્ટીવલ ખાન મસ્જિદ, ધોળકા ખાતે અને ૨૫ નવેમ્બરના રોજ વૉટર ફેસ્ટીવલ, અડાલજની વાવ ખાતે યોજાઈ રહ્યો છે.

# સંસ્કૃતિ અને સંગઠન શક્તિનો ઉપયોગ કરીને સમાજના પથદર્શક બનીએ

ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદના પ્રસંગમ્ ફાર્મમાં શનિવારે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા અને વિવિધ બ્રહ્મ સંગઠનો દ્વારા નૂતન વર્ષનો સ્નેહમિલન અને બ્રહ્મ શકિત એકતા સમારોહ યોજાયો હતો.

બ્રાહ્મણે કોઈ દિવસ 'સ્વ'નો વિચાર નથી કર્યો, સૌનો વિચાર કર્યો છે. બ્રાહ્મણ રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિના સંસ્કારોનું સિંચન કરે છે. બ્રાહ્મણે કોઈને આશીર્વાદ આપવામાં ભેદભાવ નથી કર્યો. બ્રાહ્મણ હંમેશા શાસ્ત્ર અને શસ્ત્રનો ઉપાસક રહ્યો છે. બ્રાહ્મણ એ શક્તિનું પ્રતીક છે. પોતાના હક, હિત અને અધિકાર માટે સંગઠિત થવું જોઈએ. બ્રાહ્મણની શક્તિને આજ સુધી રાજા-મહારાજાઓએ પણ નજરઅંદાજ કરી નથી. બ્રાહ્મણ કોઈ દિવસ ઉપેક્ષિત હતો નહી. જે સંગઠિત ન રહે, તે ઉપેક્ષિત થાય છે. આજનું સ્નેહ સંમેલન એ બ્રાહ્મણ સંગઠિત થાય તે માટે મહત્ત્વનું સાબિત થશે, એમ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાનાં કાર્યાધ્યક્ષ, ચૈતન્ય શંભુ મહારાજે વિવિધ બ્રહ્મ સંગઠનો દ્વારા નૂતન વર્ષના સ્નેહમિલન અને બ્રહ્મ શકિત એકતા સમારોહ અંતર્ગત જણાવ્યું હતું.

વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશનનાં અધ્યક્ષ શશીકાંતભાઈ તિવારી, પરશુરામ ફાઉન્ડેશનનાં ચેરમેન જગત શુક્લ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજનાં યજ્ઞેશભાઈ દવે સહિત બ્રહ્મ સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે આ દિવસે મોટી સંખ્યામાં કર્મકાંડી બ્રાહ્મણોને એક લાખ રૂપિયાની વીમા પોલિસી સમાજ તરફથી આપવામાં આવી હતી. ૨,૦૦૦ ભૂદેવોનું રજિસ્ટ્રેશન તો અગાઉ જ થઈ ચૂક્યું હતું.

ચૈતન્ય શંભુ મહારાજે જણાવ્યું કે બ્રાહ્મણ હંમેશા રાષ્ટ્રીય વિચારધારા સાથે જોડાયેલો છે. બ્રાહ્મણ માટે હંમેશા રાષ્ટ્ર સર્વોપરી રહ્યું છે. એટલે જ અંગ્રેજો સામે પ્રથમ બળવો મંગલ પાંડેએ કર્યો હતો. આગામી દિવસોમાં બ્રાહ્મણ એક બને, નેક બને એ જ ભગવાન પરશુરામને પ્રાર્થના કરીએ છીએ. અગ્રણી યજ્ઞેશભાઈ દવેએ જણાવ્યું કે ગુજરાતમાં અંદાજિત ૧૦ ટકા જેટલા બ્રાહ્મણો સંગઠિત બની રહ્યાં છે. વર્તમાન સમયમાં રાજકીય સ્થિતિમાં બ્રાહ્મણોની એકતા ખૂબ જ મહત્ત્વની પુરવાર સાબિત થશે. બ્રાહ્મણોની શક્તિને કોઈ જ નજરઅંદાજ કરી શકે એમ નથી. ખાસ કરીને વર્તમાન સમય એવો છે કે, સંસ્કૃતિ અને સંગઠન શક્તિનો ઉપયોગ કરીને સમાજનાં પથદર્શક બનવું એ ખૂબ જ આવશ્યક બની રહેશે.

શશીકાંતભાઈ તિવારીએ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભૂદેવો સંગઠિત બની રહ્યાં છે, એ બ્રહ્મ એકતાની મહત્તા સિદ્ધ કરે છે. એ જ રીતે બ્રહ્મસમાજનાં અનેક સંગઠનો એક છત્ર નીચે મળી રહ્યાં છે. ખાસ કરીને વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરથી લઈને પ્રદેશ સ્તરે પણ ભૂદેવોનું રાજકીય વર્ચસ્વ વધે તે સમયની માગ છે.